# રાજ્યમાં ૨,૧૪,૬૪૬ યુવાન બેરોજગાર

**બેરોજગારીમાં** શિક્ષિત યુવાનોનું પ્રમાણ આશરે ૯૫% જેટલું ઊંચું

ગાંધીનગર : ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં નોંધાયેલા બેરોજગારોની નવીનતમ વિગતો સામે આવી છે. કોંગ્રેસના ધારાસભ્યોએ બેરોજગારી અંગે પૂછેલા પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર વિભાગના આંકડાઓ મુજબ, રાજ્યમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. તાજેતરના અહેવાલ મુજબ, રાજ્યમાં કુલ ૨,૧૪,૬૪૬ જેટલા બેરોજગારો નોંધાયેલા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં કુલ બેરોજગારો પૈકી ૨,૦૫,૨૩૯ શિક્ષિત બેરોજગારો છે, જ્યારે 8957 જેટલા અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે. આ આંકડાઓ દર્શાવે છે કે કુલ બેરોજગારીમાં શિક્ષિત યુવાનોનું પ્રમાણ આશરે ૯૫% જેટલું ઊંચું છે. રાજ્યના આર્થિક પાટનગર ગણાતા અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ ૨૫,૭૫૨ બેરોજગારો નોંધાયા છે, જેમાં ૨૩,૮૮૦ શિક્ષિત અને 1922 અર્ધશિક્ષિત યુવાનોનો સમાવેશ થાય છે. ચિંતાજનક બાબત એ છે કે મોટાભાગના જિલ્લાઓમાં અશિક્ષિત બેરોજગારોની સરખામણીએ શિક્ષિત બેરોજગારોની સંખ્યા અનેકગણી વધારે છે. જેમાં દાહોદ , પંચમહાલ , જુનાગઢ , અમદાવાદ જિલ્લાનો સમાવેશ થાય છે. આ આંકડાઓ રાજ્યમાં રોજગારીની તકો ઉભી કરવા અને કૌશલ્ય વર્ધન (Skill Development) ની જરૂરિયાત તરફ અંગુલી નિર્દેશ કરે છે.

## બે વર્ષમાં રોજગાર કચેરીઓએ ૫.૮૩ લાખને રોજગારી આપી હોવાનો દાવો

ગાંધીનગર : છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રોજગાર કચેરીઓ ખાતે કુલ ૬,૯૨,૬૨૧ ઉમેદવારોની નોંધણી કરવામાં આવી છે. જેમાં ૬,૨૮,૭૨૯ શિક્ષિત અને ૬૩,૮૯૨ અર્ધશિક્ષિત યુવાનોનો સમાવેશ થાય છે. આ ઉમેદવારો પૈકી કુલ ૫,૮૩,૪૯૫ યુવાનોને વિવિધ ક્ષેત્રોમાં સફળતાપૂર્વક રોજગારી પૂરી પાડવામાં આવી છે. રોજગાર વિનિમય કચેરીઓ માત્ર બેરોજગારો માટે જ નહીં, પરંતુ ઉચ્ચ અભ્યાસ અને સારી કારકિર્દીના માર્ગદર્શન માટે પણ યુવાનો માટે એક મહત્વનું કેન્દ્ર બની છે. જેના પરિણામે રાજ્યના યુવાનોને મુખ્યત્વે મેન્યુફેક્ચરીગ, ઓટોમોબાઈલ, ટેક્સટાઈલ, IT, બેંકિંગ અને વીમા ક્ષેત્ર જેવા ખાનગી એકમોમાં રોજગારી મળી રહી છે. ખાનગી ક્ષેત્રની સાથે સાથે સરકાર દ્વારા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત જાહેર સેવા આયોગ અને પોલીસ ભરતી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ થકી નિયમિત અને પારદર્શક રીતે સરકારી ભરતીઓ પણ કરવામાં આવી રહી છે.

**રાજ્યમાં બેરોજગાર**

| જિલ્લો | સંખ્યા |
|---|---|
| સુરત | 8937 |
| દાહોદ | 14494 |
| વલસાડ | 4100 |
| પંચમહાલ | 11762 |
| બનાસકાંઠા | 10076 |
| જુનાગઢ | 13220 |
| દ્વારકા | 2114 |
| ડાંગ | 2124 |

# રાજ્યનાં દરેક મહાનગરમાં 'નમો ગૌરવ પાર્ક' બનશે

**તમામ** વયજૂથ માટે મનોરંજનની સુવિધા ઊભી કરવામાં આવશે

ગાંધીનગર : રાજ્યના શહેરી વિસ્તારોમાં મનોરંજન, સ્વાસ્થ્ય અને સામાજિક જોડાણ માટે ઉચ્ચ ગુણવત્તાવાળા ખુલ્લા સ્થળોની વધતી માંગને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે મહાનગરપાલિકાઓમાં થીમ આધારિત 'નમો ગૌરવ પાર્ક' વિકસિત કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.ગુજરાત બજેટ ૨૦૨૬-૨૭માં શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગ હેઠળ આ યોજના માટે રૂા. ૨૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે, જ્યારે કુલ પ્રસ્તાવિત ખર્ચ અંદાજે રૂા. ૧૦૦ કરોડ રહેશે. આ પાર્ક બાળકો થી લઈ વરિષ્ઠ નાગરિકો સુધી તમામ વયજૂથ માટે આધુનિક અને આકર્ષક મનોરંજન સુવિધાઓ પ્રદાન કરશે.

ઝડપી શહેરીકરણને કારણે શહેરોમાં ખુલ્લી જગ્યાઓ ઓછી થતી જતાં સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે યોગ્ય સ્થળોની અછત ઊભી થઈ રહી છે. 'નમો ગૌરવ પાર્ક' શહેરીજનોને સલામત, સમાવિષ્ટ અને સક્રિય કોમ્યુનિટી સ્થળો પૂરા પાડશે. અહીં રમત-ગમત, ફિટનેસ પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને પરિવારમેળા માટે સુવિધાઓ ઉપલબ્ધ થશે, જેના કારણે સમુદાય વચ્ચેનો પરસ્પર સંપર્ક અને જોડાણ મજબૂત બનશે.'નમો ગૌરવ પાર્ક'માં બાળકો માટે રમતોના ઝોન, સ્થાનિક વૃક્ષો અને ફૂલો સાથે થીમ આધારિત હરિત લેન્ડસ્કેપ, તિતલી ઉદ્યાન અને ઔષધીય વનસ્પતિ ઉદ્યાન વિકસિત થશે. ફિટનેસ અને રમતગમત વિસ્તાર હેઠળ ખુલ્લું વ્યાયામ કેન્દ્ર, દોડવા-ચાલવા માટે માર્ગ તેમજ બેડમિન્ટન અને વૉલીબોલ જેવી રમતોની વ્યવસ્થા રહેશે.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ખુલ્લું રંગમંચ, યોગ અને ધ્યાન માટે લોન, તેમજ નાના તળાવો અને ફુવારા જેવા જળ તત્ત્વો વિકસિત કરવામાં આવશે. વરસાદી પાણી સંચય પ્રણાલી, ટપક સિંચાઈ અને હરિત સુવિધાઓ દ્વારા પર્યાવરણને અનુકૂળ માળખું ઉભું કરાશે. જાહેર સુવિધાઓ તરીકે પીવાનું પાણી, સ્વચ્છ શૌચાલય, બેસવાની વ્યવસ્થા અને દિવ્યાંગમૈત્રી માર્ગો રહેશે. સાથે જ સૌર ઊર્જા આધારિત લાઈટિંગ, સંવેદક આધારિત પ્રકાશ વ્યવસ્થા અને ડિજિટલ માહિતી ફલક જેવી આધુનિક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવશે.આ પહેલ રાજ્ય સરકારના વ્યૂહાત્મક શહેરી રોકાણનું પ્રતિબિંબ છે, જે શહેરી જીવનની ગુણવત્તામાં વધારો કરશે. 'નમો ગૌરવ પાર્ક' દ્વારા હરિત આવરણ, જળ સંરક્ષણ અને પર્યાવરણમૈત્રી માળખા સાથે આબોહવા સ્થિતિસ્થાપક શહેરી વિકાસને વેગ મળશે અને મહાનગરપાલિકા વિસ્તારોમાં સુખાકારીયુક્ત જીવનશૈલીને પ્રોત્સાહન મળશે.

## પાકિસ્તાની કબજામાં પકડાયેલા માછીમારોના પરિવારોને દૈનિક રૂપિયા 300ની સહાય

ગાંધીનગર : પાકિસ્તાની તંત્ર દ્વારા પકડાયેલા ગુજરાતી માછીમારોના પરિવારોને રાજ્ય સરકાર દ્વારા જીવનનિર્વાહ માટે દૈનિક રૂ.૩૦૦ની આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. આ માહિતી વિધાનસભામાં રજૂ કરવામાં આવી હતી. આ સહાયના દર ૧ એપ્રિલ ૨૦૧૯થી અમલમાં છે અને દરમાં રૂ.૧૫૦નો વધારો કરવામાં આવ્યો હતો. ૩૧મી ડિસેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન સહાયનો લાભ લેનાર માછીમાર પરિવારોની સંખ્યામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ૧૦૫ પરિવારોને જ્યારે વર્ષ ૨૦૨૫માં ૧૦૧ પરિવારોને આ સહાય આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં માછીમારી મુખ્ય રોજગારનું સાધન છે અને પડોશી દેશ સાથેની સમુદ્રી સીમા વિવાદને કારણે ઘણી વાર માછીમારો પકડાઈ જવાના બનાવો બને છે. આવી પરિસ્થિતિમાં તેમના પરિવારોને આર્થિક સંકટમાંથી રાહત મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા આ સહાય યોજના અમલમાં રાખવામાં આવી છે.

# રાજ્યમાં ૮૯૧ સિંહ, સિંહણ, સિંહબાળ નોંધાયા

**બે વર્ષમાં** ૩૧૬નાં મૃત્યુ થયા, જેમાં સૌથી વધુ બાળસિંહ

ગાંધીનગર : રાજ્યમાં કુલ ૮૯૧ સિંહોની સંખ્યા નોંધાઈ છે. તેમાં ૨૫૫ સિંહ, ૪૦૫ સિંહણ અને ૨૩૧ સિંહબાળનો સમાવેશ થાય છે. આ માહિતી વિધાનસભામાં વન વિભાગ દ્વારા આપવામાં આવી હતી. તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષના આંકડા મુજબ વર્ષ ૨૦૨૪ દરમિયાન ૪૦ સિંહ, ૪૪ સિંહણ અને ૭૯ સિંહબાળના મૃત્યુ, વર્ષ ૨૦૨૫માં ૩૨ સિંહ, ૪૪ સિંહણ અને ૬૬ સિંહબાળના મૃત્યુ થયા હતા. જ્યારે ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ૩ સિંહ, ૩ સિંહણ અને ૩ સિંહબાળના મૃત્યુ નોંધાયા છે.વર્ષ ૨૦૨૪માં ૧૨ સિંહ, ૧૬ સિંહણ અને ૧૧ સિંહબાળના અકુદરતી મૃત્યુ થયા હતા, જ્યારે ૨૦૨૫માં અનુક્રમે ૪, ૬ અને ૧૧ તથા જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન ૧ સિંહ અને ૨ સિંહણના અકુદરતી મૃત્યુ નોંધાયા હતા. સિંહના અકુદરતી મૃત્યુ અટકાવવા વન વિભાગ દ્વારા વિવિધ પગલાં લેવામાં આવ્યા છે. જેમાં વેટરનરી ઓફિસરોની નિમણૂક, અદ્યતન લાયન એમ્બ્યુલન્સ અને સારવાર કેન્દ્રોની વ્યવસ્થા, સિંહોના રેડિયો કોલરિંગ, હાઈટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના તથા ક્વોરન્ટાઈન ઝોન બનાવવામાં આવ્યા છે.

# શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને ખોટા કેસમાં ફસાવી દેવાની તજવીજ ચાલી રહી છે



સનાતન ધર્મ તરીકે ઓળખાતા ધર્મમાં શંકરાચાર્યનું સ્થાન બહુ અદકેરું છે. આદિ શંકરાચાર્યે યુવાન વયમાં ભારતભરમાં ફરીને વૈદિક ધર્મનો પ્રચાર કર્યો હતો અને ભારતની ચાર દિશામાં ચાર પીઠોની સ્થાપના કરી હતી. આજની તારીખમાં પણ આદિ શંકરાચાર્યની શિષ્ય પરંપરા અખંડિત ચાલી આવે છે, જેઓ કરોડો હિન્દુઓના સર્વોચ્ચ ગુરુ છે. ભાજપની સરકાર હિન્દુત્વને વરેલી કહેવાય છે, માટે તેને શંકરાચાર્યની ગાદી માટે જબરદસ્ત આદર હોવો જોઈએ પણ પરિસ્થિતિ કાંઈક અલગ જ છે. ભાજપ સરકાર અને સંઘપરિવાર શંકરાચાર્યને પોતાના આદરણીય ગુરુ નથી માનતા પણ હરીફ માને છે. શંકરાચાર્ય હિન્દુત્વના મુદ્દે સરકારની ટીકા કરે તે ભાજપ અને સંઘપરિવાર સાંખી શકતો નથી, જેને કારણે શંકરાચાર્ય અને શાસક પક્ષ ઘણી વખત આમનેસામને આવી જાય છે. સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી જ્યારથી જ્યોતિર્પીઠના શંકરાચાર્ય બન્યા છે ત્યારથી તેમની આસપાસ અનેક વિવાદો પેદા થયા છે. સ્વામી અવિમુક્તેશ્વરાનંદ ભાજપની ટીકા કરે છે તે ભાજપના નેતાઓ સહન કરી નથી શકતા, જેને કારણે તેઓ શંકરાચાર્યને સાણસામાં લેવાની તક શોધતા હોય છે. આવી તક તેમને મળી ગઈ છે.

**ટુ ધ પોઇન્ટ** — સમકિત શાહ

સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સામે દાખલ થયેલા જાતીય શોષણના કેસથી કાનૂની અને રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે. માઘ મેળાથી શરૂ થયેલો આ ગંભીર વિવાદ હવે અલ્હાબાદ હાઈકોર્ટમાં પહોંચ્યો છે. સગીર વયના બાળકના જાતીય શોષણ અને પોક્સો એક્ટ જેવા ગંભીર આરોપોનો સામનો કરી રહેલા સ્વામીજીએ ધરપકડથી બચવા માટે હાઈકોર્ટમાં આગોતરા જામીનની અરજી દાખલ કરી છે. સ્વામી અવિમુક્તેશ્વરાનંદ કેસના અન્ય આરોપી અને તેમના શિષ્ય ચૈતન્ય મુકુન્દાનંદ ગિરિએ જણાવ્યું હતું કે સ્વામી અવિમુક્તેશ્વરાનંદની મુખ્ય સમસ્યા એ છે કે તેઓ હંમેશા સત્ય બોલે છે. રામભદ્રાચાર્ય, રવીન્દ્રપુરી અને રામદેવ જેવા ગુરુઓથી વિપરીત તેઓ સત્તાના લાલચુ નથી, તેથી જ તેમને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

ફરિયાદી આશુતોષ મહારાજની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઉઠાવતા, તેમણે તેમને હિસ્ટ્રી શીટર કહ્યા અને કહ્યું કે તેમની સામે ૨૭ કેસ નોંધાયેલા છે અને તેમણે અત્યાર સુધીમાં ૧૦૫ લોકો સામે કેસ દાખલ કર્યા છે. તુલસી પીઠાધીશ્વર સ્વામી રામભદ્રાચાર્યના શિષ્ય આશુતોષ મહારાજે પ્રયાગરાજ જિલ્લા કોર્ટમાં CrPC ની કલમ ૧૭૩ (૪) હેઠળ કેસ નોંધવાની માંગણી કરતી અરજી દાખલ કરી હતી. ૨૧ ફેબ્રુઆરીના રોજ, સ્પેશ્યલ POCSO જજ વિનોદકુમાર ચૌરસિયાએ ઝુંસી પોલીસ સ્ટેશનને FIR નોંધવા અને તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટના નિર્દેશના આધારે પોલીસે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી, તેમના શિષ્ય સ્વામી મુકુંદાનંદ ગિરિ અને બે કે ત્રણ અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ નોંધ્યો હતો. આરોપી સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી અને તેમના શિષ્ય સ્વામી મુકુંદાનંદ ગિરિ વતી હાઈકોર્ટમાં આગોતરા જામીન માટેની અરજીઓ દાખલ કરવામાં આવી છે. આ અરજીઓ તેમના વકીલો રાજર્ષિ ગુપ્તા, સુધાંશુ કુમાર અને શ્રી પ્રકાશ દ્વારા દાખલ કરવામાં આવી હતી. મુકુન્દાનંદે બાળ શોષણના દાવાઓને સ્પષ્ટપણે નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું કે બાળકો ક્યારેય સ્વામીજી કે તેમને મળ્યા નથી. તેમણે માંગ કરી હતી કે જો તેઓ નિર્દોષ સાબિત થાય તો ખોટી ફરિયાદ દાખલ કરનાર વ્યક્તિ સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

લોકો હવે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સામે આરોપ લગાવનાર આશુતોષ મહારાજને શોધી રહ્યા છે. લોકો જાણવા માંગે છે કે આ વ્યક્તિ કોણ છે, જેણે સ્વામી સામે આટલો ગંભીર આરોપ લગાવ્યો છે. આશુતોષ મહારાજને આશુતોષ પાંડે તરીકે પણ ઓળખવામાં આવે છે. તે શામલી જિલ્લાના કાંધલા પોલીસ સ્ટેશન વિસ્તારના રાયઝાડગનના રહેવાસી છે. તેઓ માતા શકુંભરી દેવી ભવન મંદિરના મેનેજર હોવાનું કહેવાય છે. તેમનો કાંધલા પોલીસ સ્ટેશનના રહેવાસી લાલ સાધુ રામ સાથે મંદિરને લઈને લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. સાધુ રામે પોલીસ સ્ટેશનમાં આશુતોષ પાંડેના કાકાના ચરણસ્પર્શ કરીને મંદિરમાં રાખવાની માંગણી કરીને નિર્ણય લેવાનો હતો. ત્યારથી, આશુતોષ પાંડે અને તેના કાકા મંદિરમાં રહે છે. પ્રશ્ન એ પણ ઊભો થાય છે કે આશુતોષ પાંડેએ કાંધલા મંદિરનો કબજો કેવી રીતે મેળવ્યો? આજે તેઓ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, મહામંડલેશ્વરો અને અન્ય લોકો વગદાર સાથે સંપર્ક જાળવી રાખે છે. તેઓ આ રાજકીય અને સનાતન ધર્મ મહામંડલેશ્વરો સાથેના પોતાના ફોટા અને વીડિયો વાયરલ કરીને હેડલાઇન્સ જાળવી રાખે છે. તે એક છેતરપિંડી કરનાર વ્યક્તિ હતો, જે લોકોને ખોટા કેસોમાં ફસાવતો હતો અને તેમની પાસેથી પૈસા અને મિલકત પડાવી લેતો હતો. કાંધલા પોલીસ સ્ટેશનમાં તેની વિરુદ્ધ અંદાજે ૨૬ થી ૨૭ ઠગાઈના કેસ દાખલ કરવામાં આવ્યા હતા.

આશુતોષ પાંડેનો ભોગ બનેલા મુકેશે જણાવ્યું હતું કે આશુતોષ એક હિસ્ટ્રી શીટર છે. અમારું ઘર તેના ઘર સાથે એક સામાન્ય દિવાલ પર વહેંચાયેલું છે. તે ખોટા જાતીય સતામણીના કેસ દાખલ કરે છે અને તેના માટે મોટી રકમની માંગણી કરે છે. હું પણ બે મુકદ્દમાનો સામનો કરી રહ્યો છું. એક આશુતોષ દ્વારા દાખલ કરવામાં આવ્યો છે અને બીજો આશુતોષની બહેન દ્વારા. આશુતોષે મારા ઘર પર કબજો જમાવ્યો હતો અને જ્યારે મેં તેને ખાલી કરાવવાનું કહ્યું, ત્યારે આશુતોષ પાંડે અને તેની બહેને મારી વિરુદ્ધ જાતીય સતામણીના કેસ દાખલ કર્યા હતા. પીડિતે વધુમાં જણાવ્યું કે કાંધલા પોલીસ સ્ટેશનમાં ૨૧ થી વધુ કેસ નોંધાયેલા છે, જેના વિશે હું વ્યક્તિગત રીતે જાણું છું. આશુતોષ પાંડેનો આખો પરિવાર આ વ્યવસાયમાં કામ કરે છે. તેનો નાનો ભાઈ વિનીત પણ કાંધલા પોલીસ સ્ટેશનમાં હિસ્ટ્રીશીટર છે. અવિમુક્તેશ્વરાનંદ સામેના આરોપો એક વ્યવસાય તરીકે કરવામાં આવી રહ્યા છે, જેમાં મોટી રકમની માંગણી કરવામાં આવી રહી છે, જેના માટે તેમના પર આરોપ છે. તે એક ઢોંગી છે, જે સતત પોતાનો વેશ બદલતો રહે છે.

જો કે, સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વિવાદોથી અજાણ નથી. તેઓ અગાઉ રામ મંદિરના અભિષેકથી લઈને તેમના પદની કાયદેસરતા સુધીના મુદ્દાઓ પર કાનૂની ગૂંચવણોમાં ફસાઈ ચૂક્યા છે. સંસ્કૃત વ્યાકરણ, વેદ, પુરાણો, ઉપનિષદો, વેદાંત, આયુર્વેદ અને શાસ્ત્રોનો વ્યાપક અભ્યાસ કર્યા પછી, તેમણે ૧૯૯૦ ના દાયકામાં સંન્યાસ લીધો. જ્યારે સ્વામી કરપત્રી બીમાર પડ્યા, ત્યારે તેમણે પોતાની જાતને તેમની સેવામાં સમર્પિત કરી અને તેમના મૃત્યુ સુધી તેમની સાથે રહ્યા. આ સમય દરમિયાન, તેઓ જ્યોતિર્મઠના વડા સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીના સંપર્કમાં આવ્યા. ૧૫ એપ્રિલ, ૨૦૦૩ ના રોજ, તેમને દંડ સંન્યાસમાં દીક્ષા આપવામાં આવી અને તેમને સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી નામ આપવામાં આવ્યું. સપ્ટેમ્બર ૨૦૨૨ માં સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીના અવસાન પછી સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને જ્યોતિર્મઠ (જોશીમઠ) ના શંકરાચાર્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. જો કે, ત્યારથી આ પદ અંગે કેટલાક વિવાદો અને કાનૂની ગૂંચવણો ઊભી થઈ છે અને આ મામલો સુપ્રીમ કોર્ટમાં છે. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીના અવસાન પછી, ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સ્વામી અવિમુક્તેશ્વરાનંદનો પટ્ટાભિષેક થયો હતો. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ, સ્વામી વાસુદેવાનંદ સરસ્વતીએ અભિષેક રોકવા માટે અપીલ દાખલ કરી હતી. જો કે, મિશ્રાએ દાવો કર્યો હતો કે કોર્ટે શોધી કાઢ્યું છે કે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ અગાઉની કાર્યવાહીમાં પક્ષકાર નહોતા અને કોર્ટે પોતે જ તેમના આદેશમાં તેમને શંકરાચાર્ય તરીકે ઓળખાવ્યા હતા.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**સ્વામી અવિમુક્તેશ્વરાનંદની મુખ્ય સમસ્યા એ છે કે તેઓ હંમેશા સત્ય બોલે છે. રામભદ્રાચાર્ય, રવીન્દ્રપુરી અને રામદેવ જેવા ગુરુઓથી વિપરીત તેઓ સત્તાના લાલચુ નથી**

# BUSINESS મિત્ર

## વૈશ્વિક તણાવ અને વિદેશી રોકાણકારોની એક્ઝિટથી બજારમાં કડાકો: રોકાણકારોના 5 લાખ કરોડ સ્વાહા

# શેરબજારમાં બ્લેક ફ્રાઇ ડે: સેન્સેક્સ 961 પોઇન્ટ તૂટયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 27:** સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં ચોતરફી ભારે વેચવાલીએ સેન્સેક્સ-નિફ્ટીમાં ભારે કડાકો બોલાઇ ગયો હતો. આજે શેરબજારના કડાકા પાછળના મુખ્ય કારણમાં વૈશ્વિક નબળા સંકેતો, ભૌગોલિક રાજકીય ચિંતાઓ અને વિદેશી રોકાણકારો દ્વારા વેચાણથી બજારનું સેન્ટિમેન્ટ નબળું પડયું છે.

સેકટર વાઇઝ જોઇએ તો શેરબજારમાં સર્વાંગી ઘટાડો જોવાયો હતો. આઇટી અને મીડિયા સિવાય અન્ય તમામ સેકટરો લાલ નિશાનમાં રહ્યા હતા. ઓટો, બેન્ક, એફએમસીજી, મેટલ, રિયલ્ટી, ટેલિકોમ ઇન્ડેકસ એકથી બે ટકા તૂટયા હતા, જ્યારે નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ ઇન્ડેકસ પણ એક ટકા જેટલો ઘટ્યો હતો.

આ કડાકાના પગલે ભારતીય શેરબજારમાં કુલ માર્કેટ કેપમાં પાંચ લાખ કરોડનો ઘટાડો જોવાયો હતો. બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 463.51 લાખ કરોડ થયું છે, જે અગાઉના કારોબારીના દિવસે રૂ. 468.49 લાખ કરોડ રૂપિયા હતું.

### ડોલરમાં ધીમો સુધારો

કરન્સી બજારમાં ડોલરમાં ધીમો સુધારો જોવાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો 5 પૈસા ઘટીને 90.97ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિય 90.92ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 107.02, પાઉન્ડ 122.93, કેનેડિયન ડોલર 66.40, ઓસ્ટ્રેલિયન ડોલર 64.58, જાપાનીઝ યેન 0.5837 અને સીંગાપોર ડોલર 71.62ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 90.97 રૂ. |
| યુરો | 107.02 રૂ. |
| પાઉન્ડ | 122.93 રૂ. |
| યેન | 0.5837 રૂ. |

નાણાકીય વર્ષ 2026ના ત્રીજા કવાર્ટરમાં ભારતનો જીડીપી દર 7.8 ટકાના દરે વધ્યો હતો, જે નવી ગણતરી મુજબનો ઇન્ડેકસ છે.જે અગાઉ 7.4 ટકાનો હતો. આ સિવાય પાકિસ્તાને અફઘાન તાલિબાન વિરૂદ્ધ ઓપરેશન ગઝબ લિલ હક શરૂ કર્યુ છે, જેના લીધે બંને દેશો વચ્ચે ઘર્ષણ થઇ રહ્યું છે. જેના લીધે જીયો પોલીટીકલ ટેન્શન વધી રહ્યું છે.

બીએસઇ સેન્સેકસ 961.42 પોઇન્ટ એટલે કે 1.17 ટકા તૂટીને 81287.19 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 82246 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 81159 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી317.90 પોઇન્ટ એટલે કે 1.25 ટકા ઘટીને 25200 પોઇન્ટની સપાટી તોડીને 25178.65 પોઇન્ટ પર બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25476 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25141 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટીએ 658.70 પોઇન્ટ એટલે કે 1.08 ટકા ઘટીને 61000 પોઇન્ટની સપાટી ઘટીને 60529 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે રેડીન્ગટન લિ. 51.37 ગણા, વિશાલ મેગા માર્ટ 23.14 ગણા, ચોલામાંડલમ ઇન્વેસ્ટમેન્ટ 9.49 ગણા, એકશન કન્સ્ટ્રકશન ઇક્વીપમેન્ટ 8.03 ગણા અને બીકાજી ફુડસ 7.24 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે વિશાલ મેગા માર્ટ 73.17 ગણા, રેડીન્ગટન લિ. 68.71 ગણા, સારદા એનર્જી 17.28 ગણા, ફિનોલેક્સ કેબલ્સ 11.65 ગણા, તેજસ નેટવર્ક 10.89 ગણા કામકાજ નોંધાયા છે.

બોર્ડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહેતા બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.09 ટકા ઘટ્યો હતો, જ્યારે બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.88 ટકા તૂટયો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1668 શેરો વધ્યા હતા, જ્યારે 2518 શેરો ઘટ્યા હતા અને 198 શેરો યથાવત રહ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો મિશ્ર રહ્યા હતા. કારણ કે રોકાણકારો સમગ્ર ક્ષેત્રમાં મુખ્ય આર્થિક ડેટાની રાહ જોઇ રહ્યા છે. જર્મની, ફ્રાન્સ અને સ્પેનના ફુગાવાના આંકડા પ્રકાશિત થવાના છે, જેમાં જર્મની અને ફ્રાન્સના બેરોજગારી ડેટાની રોકાણકારો રાહ જોઇ રહ્યા છે. જ્યારે મોટા ભાગના એશિયન બજારો ઉંચા સ્તરે બંધ રહ્યા હતા. જે પ્રાદેશિક ખરીદીના રસને કારણે ટેકો આપે છે. વોલસ્ટ્રીટ પર નબળા રાતોરાત સત્ર હોવા છતાં વધ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.41 ટકા, ડેક્સ 0.32 ટકા સુધારા સાથે ચાલી રહ્યા હતા. જ્યારે કેક 0.14 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.29 ટકા, સ્ટ્રેઇટસ 0.61 ટકા, શાંઘાઇ 0.39 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. હેંગસેંગ 1.46 ટકા, કોસ્પી 1.01 ટકા અને જકાર્તા સપાટ બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -961.42 | 81287.19 |
| નિફ્ટી | -317.90 | 25178.65 |
| બેન્ક નિફ્ટી | -658.70 | 60529.00 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 1.14 | 1389.10 |
| ટ્રેન્ટ | 1.13 | 3899.50 |
| ઇન્ફોસીસ | 0.85 | 1300.10 |
| અપોલો હોસ્પિટલ | 0.60 | 7821.50 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 2.73 | 1737.00 |
| ભારતી એરટેલ | 2.61 | 1879.30 |
| એચડીએફસી લાઇફ | 2.55 | 715.30 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.50 | 3397.40 |
| ડો. રેડ્ડીઝ લેબ | 2.50 | 1286.30 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 1.22 | 1390.20 |
| ટ્રેન્ટ | 1.10 | 3900.15 |
| ઇન્ફોસીસ | 0.82 | 1299.95 |
| ઇટર્નલ | 0.02 | 246.45 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 2.61 | 1738.10 |
| ભારતી એરટેલ | 2.53 | 1879.75 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.42 | 3399.90 |
| બજાજ ફિનસર્વ | 2.38 | 1992.70 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 2.32 | 4823.05 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૫૧૦૦ |
| તેજાબી સોનું | ૧૬૫૦૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૬૮૪૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૬૧૮૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૫૧૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૬૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૮૨૦૦ |

# નોન-હિસાબી ચોપડાઓના ઓડિટ માટેની ભારેખમ ફી

**ટેક્સ ટ્વિટર** — વિરેશ રૂદલાલ

ફાયનાન્સ બીલ 2026માં હવે હિસાબી ચોપડાઓના નોન-ઓડિટ માટે હવે વૈકલ્પિક પેનલ્ટીને બદલે ફરજીયાત ફી(Mandatory) કે જે રીટર્ન સાથૈ ભરી દેવાની રહે છે.અથવા ઓડિટ રીપોર્ટ વગર રીટર્ન જ ભરી શકાય નહિ એવું ઇન્કમટેક્ષ એક્ટ 2025(નવો કાયદા)ની કલમ-428માં પ્રવધાન લાદવામાં આવ્યું છે.

**શું છે હાલનો કાયદો ?**

હાલના જૂના કાયદામાં નોન-ઓડિટ અંગે પેનલ્ટીની જોગવાઇ છે જેમાં ટર્નઓવર ના 0.5% અથવા 150000 બે માંથી જે ઓછું હોય તે લાગી શકે છે. ઇન્કમટેક્ષ કાયદામાં 1 કરોડથી ઓછાના ટર્નઓવર માટે ઓડિટ ફરજીયાત નથી અને 3કરોડ સુધી કેટલીક શરતોને આધિન 6% કે 8% ચોખ્ખો નફો બતાવવામાં આવે નહિ તો ઓડિટની પેનલ્ટી લાગે છે. 10 કરોડ સુધીના ટર્નઓવર માટે કેટલીક શરતોને આધિન ઓડિટ ફરજીયાત નથી પરંતુ 10 કરોડથી વધુના ટર્નઓવર માટે ઓડિટ ફરજીયાત છે. હવે નાના ટર્નઓવર માટે આ પેનલ્ટીની જોગવાઇ મુજબ ટર્નઓવરના 0.5% લેખે ગણીએ જે મહત્તમ 1.50 લાખથી ઓછા હોય તો તે પ્રમાણે પેનલ્ટી લાગતી હતી. ધારોકે કોઇનુ ટર્નઓવર 1.05 કરોડ હોય તો 52500 પેનલ્ટી લાગે જે સામે તે વ્યક્તિના નોન-ઓડિટના વ્યાજબી કારણો કોર્ટમાં મંજૂર થતા હતા જેવા કે ભાગીદારના મૃત્યુના કે છૂટા થવાના કે આકસ્મિક ઘટનાના સંજોગો, એકાઉન્ટન્ટ છૂટો થાય કે રજીનામું આપે, રેલ-વરસાદ જેવી આફતો વિગેરેથી બચાવ રહેતો હતો.

**શું છે નવી જોગવાઇ.**

પરંતુ હવે નવા કાયદાની કલમ-428 મુજબ આ પેનલ્ટીને ફીનું નવું નામ આપીને ફરજીયાત રકમ ભરવામાં રૂપાંતરિત કરવામાં આવ્યું છે જેમા ટેક્ષ ઓડિટની ડ્યુ ડેઇટથી એક મહિના સુધીના મોડા ઓડિટ રીપોર્ટ અપલોડ માટે 75000 અને ત્યાર પછી 1.50 લાખ સીધા સરકારમાં ભરી દેવાના. કોઇ છૂટ, રાહત કે અપીલ ની જોગવાઇ નથી. હવે આમા રીટર્ન ફાઇલ થઇ શકશે કે કેમ એ પ્રશ્નનો ઉકેલ આવી ગયો છે કરદાતા નોન-ઓડિટમાં ટીક માર્ક કરીને રીટર્ન ભરી શકશે જે હાલમાં થતું ન હતું. ત્યારબાદ ફરજીયાત ફી ભરવાની નોટીસ મળેથી આ લેણા ચૂકવવા પડશે. કરદાતાઓએ હવે બહુ જ્ધ્યાન રાખવું પડશે. અન્યથા ચાંલ્લો લાગી જશે.

નોન-મોનેટરી સવલતો (Perquisites)ના TDS પત્રકોમાં પણ ફરજીયાત ફી લાગૂ પડી ગઇ છે અને SFTના વ્યવહારોમાં પણ દિવસના 200 લેખે ત્થા મહત્તમ 1 લાખની ફી લાગી જશે.

**લોનના વ્યવહારો, બેનંબરી રોકાણો**

તા. ૭મી ફેબ્રુઆરીના અંકમા આપણે જોયુ કે લોન ઉછીના લીધેલ રકમ પૂરવાર થાય નહિ, ચોપડે નહિ ચઢેલ રોકાણો, બિનહિસાબી ખર્ચા વિગેરે ઉપર 30% ટેક્ષ ત્થા સરચાર્જ અને સેશ મળીને 39% ટેક્ષ અને ટેક્ષના 120% લેખે 36% પેનલ્ટી મળીને લગભગ 75% જેવી રકમ તો ભરવાની થશેજ. વળી રીઓપનીંગની નોટીસ મળી હોય અને એમાં આવી અઘોષિત આવક હોય જે (Updated) અપડેટેડ રીટર્ન ભરીને જાહેર કરીને વધારાનો ટેક્ષ ભરી દેવામાં આવે તો એને પેનલ્ટી અને પ્રોસીક્યુસન માંથી મુક્તિ મળે છે. એનો અર્થ શું એવો થાય કે અન્ય કેસોમાં આવું અપડેટેડ રીટર્ન ભરીને વધારાની આવક જાહેર કરનારને પેનલ્ટી લાગી શકે. જવાબ ''ના'' છે પરંતુ આમાં સ્પષ્ટતા આવકાર્ય છે.

# હોમ ફર્સ્ટ બેન્કના પ્રમોટર્સે 5.33 ટકા હિસ્સો વેચ્યો, શેરોમાં ઘટાડો

**મોતીલાલ** ઓસવાલે ઇવી કંપની જેલિયો ઇ મોબિલિટીમાં 1.65 ટકા હિસ્સો ખરીદ્યો

મુંબઇ, તા. 27: શેરબજારમાં બે અલગ અલગ ખંપનીઓમાં મોટી બ્લોકડીલ જોવા મળી હતી. એક તરફ હોમ ફર્સ્ટ ફાઇનાન્સ કંપનીના પ્રમોટરોએ ખુલ્લા બજરામાં કંપનીનો 5.33 ટકા હિસ્સો વેચ્યો હતો. બીજી તરફ, મોતીલાલ ઓસવાલ ફાઇનાન્સીયલ સર્વિસીસે ઝેલિયો ઇ મોબિલિટીમાં 1.65 ટકા હિસ્સો ખરીદ્યો છે.

હોમ ફર્સ્ટ ફાઇનાન્સના પ્રમોટર્સ એથર (મોરેશિયસ) અને ટ્રુ નોર્થ ફંડ વીએ મળીને 5.33 ટકા ઇક્વિટી હિસ્સો વેચ્યો હતો. જીઆઇસી વેન્ચર્સનો ભાગ એથર (મોરેશિયસ) એ 27.38 લાખ શેર વેચ્યા હતા. જે કંપનીની કુલ પેઇડ-અપ મૂડીના 2.63 ટકા છે. આ સોદાની કુલ કિંમત આશરે 325.8 કરોડ રૂપિયા હતી.

ખાનગી ઇક્વિટી ફર્મ ટ્રુ નોર્થ ફંડ વીએ 28.08 લાખ શેર એટલે કે 2.7 ટકા હિસ્સો રૂપિયા 334.22 કરોડમાં વેચ્યો હતો. બંને સોદા શેર દીઠ રૂપિયા 1190ના ભાવે થયા હતા. ડિસેમ્બર 2025 સુધીમાં, એથર પાસે કંપનીના 4.9 ટકા અને ટ્રુ નોર્થ ફંડ પાસે 7.45 ટકા છે.